## ન્યૂઝ બ્રિફ

### વરાછામાં ફ્રૂટની લારી ચલાવતા આધેડે એસિડ પી આપઘાત કર્યો

સુરતઃ વરાછા ખાતે રહેતા અને ફ્રૂટની લારી ચલાવતા આધેડે સોમવારે એસીડ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેનું બે દિવસની સારવાર બાદ બુધવારે મોત નીપજ્યું હતું. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ પ્રયાગરાજના વતની અને હાલમાં વરાછા વિસ્તારમાં આવેલી માતાવાડી મિનિબજાર ખાતે રહેતા 45 વર્ષીય લાલચંદ ભોલાભાઈ કેસવાની ફ્રૂટની લારી ચલાવી પત્ની અને 2 સંતાનનું ગુજરાન ચલાવતા હતા. લાલચંદભાઈએ સોમવારે સવારે ઘરે એસીડ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સ્મીમેર હોસ્પિટલમાં બે દિવસની સારવાર બાદ બુધવારે લાલચંદભાઈનું મોત નીપજ્યું હતું. લાલચંદભાઈએ આ પગલું પત્ની સાથે ઝઘડો થવાના કારણે ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

### પોતાને પત્રકાર ગણાવી કુટણખાનાના નામે ખંડણી માગનારના આગોતરા રદ

સુરતઃ પોલીસ એન્ડ પ્રેસ ગૃપ બનાવીને પોતાને પત્રકાર માનતો અને કુટણખાનાના નામે કામરેજની હોટલ પાસે ખંડણી માગનાર લલિત ડોંડાએ સરથાણા પોલીસની ધરપકડથી બચવા કરેલી આગોતરા જામીનઅરજી કોર્ટે ફગાવી હતી. મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલો કરી હતી. કેસની વિગત એવી છે કે, સરથાણા શ્યામધામ મંદિર પાસે રીવેરા લક્ષરીયામાં રહેતા લલિત બાબુ પટેલ ઉર્ફે લલિત ડોંડા વિરૂદ્ધ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં કામરેજ તાલુકાના ખોલવડગામની સીમમાં ચાલતી ફરિયાદીની ડેલિઝા હોટલના ગેસ્ટ હાઉસમાં કુટણખાનું ચાલે છે, તે પ્રકારની ટેક્સ મેસેજની પોસ્ટ બનાવી લલિત ડોંડાએ સુરત જિલ્લામાં ચાલતા પોલીસ એન્ડ પ્રેસ નામના વોટ્સએપ ગૃપમાં વાયરલ કરી હતી. ત્યારબાદ પોસ્ટ વાયરલ ન કરવાના બદલામાં બળજબરીથી દર મહિને રોકડા રૂ.50 હજારની માંગણી કરી છેલ્લે રૂ.15 હજાર દર મહિને હપ્તો બાંધ્યો હતો. આખરે ફરિયાદીએ લલિત ડોંડા સામે ખંડણીની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં લલિત ડોંડાએ આગોતરા જામીનઅરજી કરી હતી. મૂળ ફરિયાદી તરફે સિનિયર વકીલ નિલેશ એમ. વઘાસિયાએ જામીનઅરજીનો વિરોધ કર્યો હતો.

### રાંદેરમાં બેકારીથી કંટાળી બે સંતાનના પિતાનો ઝેર પી આપઘાત

સુરતઃ રાંદેર વિસ્તારમાં રહેતા બે સંતાનના પિતાએ ઝેર ગટગટાવી મોતને વહાલું કરી લીધું હતું. છેલ્લા કેટલાક દિવસથી બેકાર બનતા ઘરમાં આર્થિક સંકડામણ સર્જાતાં યુવકે અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ , મૂળ ભરૂચના વતની અને હાલમાં રાંદેર વિસ્તારમાં આવેલી સત્તાધાર સોસાયટીમાં 35 વર્ષીય અંકિત અમરસંગ પટેલ પરિવાર સાથે રહેતો હતો. તેને સંતાનમાં બે પુત્રી છે. છેલ્લાં કેટલાક સમયથી યોગ્ય કામ નહીં મળતા તે બેકાર બન્યો હતો. બેકારીને કારણે આર્થિક સંકડામણ અનુભવતા હતા. અંકિતે 27 જાન્યુઆરીના રોજ રાત્રે પોતાના ઘરમાં ઝેરી પાવડર ગટગટાવી લીધી હતી. બાદમાં તેને પરિવારજનો સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ રાંદેર પોલીસ કરી રહી છે.

### લિંબાયતમાં આર્થિક સંકડામણને કારણે યુવકે આપઘાત કરી લીધો

સુરત : લિંબાયતમાં ખાતે રહેતા યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકે આર્થિક સંકડામણને કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. સ્મીમેર હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મધ્યપ્રદેશના જાંબુઆના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલા ગોકુળ નગરમાં રહેતા 23 વર્ષીય પંકેશ ધના મુનિયા પરિવાર સાથે રહેતો હતો. પંકેશ છૂટક મજૂરી કામ કરી પત્ની તેમજ એક પુત્રીનું ગુજરાન ચલાવતો હતો. પંકેશની પત્ની મજૂરી કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ગઇકાલે સાંજે પંકેશે ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં પંકેશે આર્થિક સંકડામણને કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ અંગે વધુ તપાસ લિંબાયત પોલીસ કરી રહી છે.

## પરંપરાઃ હજીરાથી મગદલ્લાની સઢવાળી હોડીની રેસ યોજાઈ



■ તાપી નદીનાં હજીરા-મગદલ્લા ઓવારે છેલ્લા 55 વર્ષોથી પારંપરિક સઢવાળી બોટ રેસ યોજાતી આવે છે, ત્યારે આ વર્ષે પણ રેસ આયોજીત કરવામાં આવી હતી. વર્ષોથી યોજાતી આ રેસ હવે સંસ્કૃતિ અને વારસાની ઓળખ સમાન બની ચુકી છે. કુલ 8 ખલાસીની બોટે ભાગ લઈ એકબીજાને કાંટાની ટક્કર આપી હતી. જેને નિહાળવા માટે સ્થાનિક ગામવાસીઓ તથા હજારોની સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતાં. દર વર્ષે મગદલ્લા ગામમાં માતાજીની બાધા મુકવા માટે બોટ રેસ આયોજીત કરવામાં આવે છે અને હવે આ રેસ સંસ્કૃતિ અને વારસાની ઓળખ બની ગઈ છે. જો કે નવી પેઢીનો રસ હાલ તો ઘટી ગયો છે. હજીરા-મગદલ્લા બોટ રેસ માત્ર એક રમૂજ નહીં પણ સાંસ્કૃતિક અને ઇતિહાસની મૂલ્યવાન પરંપરા છે, જેને અમે આગામી પેઢીઓ સુધી જાળવી રાખવી પ્રયત્નશીલ બન્યા છે. બોટરેસમાં પ્રથમ વિજેતા સુભાષચંદ્રા બાબુભાઈ પટેલ, બીજા વિજેતા ભાવેશ કનુભાઈ પટેલ અને ત્રીજા વિજેતા રાજુભાઈ ચીમકાભાઈ બન્યા હતાં. (તસવીર : હેમંત ડેરે)

# હવે ગંભીર ગુનાની તપાસ પોલીસે ઓનલાઈન કરવી પડશે

**esakshya** એપ્લિકેશન શરૂ કરવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે આદેશ આપ્યા

**રેડ,** જડતી કે ગુનાને લાગતો મુદ્દામાલ કબજે લેતી વખતે વિડીયોગ્રાફી કરવી ફરજિયાત

સુરતઃ અત્યાર સુધી પોલીસ દ્વારા જે તપાસ કરવામાં આવતી હતી તેના દસ્તાવેજી પુરાવા કાગળ પર રજૂ કરવામાં આવતા હતા. પરંતુ આ મામલે પોલીસની ભૂમિકા વિવાદીત હોવાના આક્ષેપો થતા હતા. તેની સામે હવે ઓનલાઈન વિડીયો મૂકવામાં આવ્યા બાદ આ ગેરરીતિ પર કાબૂમાં આવી જવાની સંભાવના છે.ભારતીય દંડસંહિતા અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ અમલમાં આવ્યા બાદ હવે પોલીસ તપાસ દરમિયાન esakshya એપ્લિકેશનનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. કાયદામાં કરવામાં આવેલી જોગવાઈઓ અનુસાર કેટલાક પ્રકારના ગુનાઓની તપાસમાં સાક્ષીઓ, આરોપીઓનાં નિવેદનો, રેડ દરમિયાન કે અંગજડતી દરમિયાન હવેથી તપાસ અધિકારીને esaskshya એપ્લિકેશનમાં વિડિયોગ્રાફી કરવી ફરજિયાત છે. જેનો અમલ હવે રાજ્યમાં પોલીસમથકોમાં શરૂ કરી દેવામાં આવ્યો છે. અત્યાર સુધી પોલીસ જ્યારે ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલતી હોય તેવી જગ્યાએ રેડ કરતી કે પછી તપાસ હાથ ધરતી હતી. તો વિડિયોગ્રાફી કરવાની જરૂરિયાત ન હતી. પરંતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ મુજબ હવે કલમ ૧૦૫, કલમ ૧૭૩, કલમ ૧૭૬, કલમ ૧૮૦, કલમ ૨૮૫ અને કલમ ૪૯૭માં તપાસ દરમિયાન વિડીયોગ્રાફી ક્યારે ફરજિયાત છે અને ક્યારે મરજિયાત છે તે અંગે નિર્દેશ અને જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ હવેથી કેટલાક ગુનાઓમાં તપાસ અને પંચનામા દરમિયાન વિડીયોગ્રાફી ફરજિયાત કરવાની રહેશે.

### દારૂ-જુગાર સહિત ગુનાના કામે સ્થળ તપાસ દરમિયાન વિડીયોગ્રાફી કરવી ફરજિયાત

જોગવાઇ મુજબ ચોરીનો માલ, બનાવટી દસ્તાવેજ, બનાવટી સિક્કા, બનાવટી સ્ટેમ્પ, બનાવટી સીલ, અશ્લીલ સાહિત્ય હોવાનો શક હોય તેમજ ગેરકાયદે રીતે અટકાયતમાં રાખેલી વ્યક્તિઓની તપાસ માટે કોઈ સ્થળની જડતી લેવાની હોય અને જે તમામ જડતીઓ પ્રકરણ-૭ (કલમ ૯૬થી કલમ ૧૦૦,૧૦૩)માં જણાવેલી જોગવાઈ આધીન જડતી વોરંટ આધારે કરવાની હોય તો તેની વિડીયોગ્રાફી કરવાની રહેશે. આ સિવાય કોઇપણ કેસની કાર્યવાહી કેસ નોંધાયા અગાઉ રેડ કરીને કે, પંચનામાની કાર્યવાહી કરી જડતી અથવા જપ્તી કરી તેના આધારે કેસ નોંધણી કરવાની હોય તેવા તમામ કિસ્સામાં તેની વિડીયોગ્રાફી કરવાની રહેશે. એટલે કે, પ્રોહિબિશન, એન.ડી.પી.એસ., જુગાર જેવા કેસમાં કોઈ આરોપીની અંગજડતીના પંચનામાની કાર્યવાહી દરમિયાન તેની પાસેથી કોઈ વસ્તુ જપ્તી કરવાની હોય તેની પણ વિડીયોગ્રાફી કરવાની રહેશે.

### બળાત્કાર સહિત જાતીય હુમલાના તમામ ગુનાઓની ફરિયાદ નોંધતા સમયે પણ વિડીયોગ્રાફી અનિવાર્ય

હવેથી સ્ત્રી અત્યાચાર સંબંધિત, બળાત્કાર, છેડતી સહિત જાતીય હુમલાના તમામ પ્રકારના ગુનાઓમાં ફરિયાદ નોંધવાની પ્રક્રિયાની પણ ફરજિયાત વિડિયોગ્રાફી કરવાની રહેશે. સાથે ભોગ બનનાર અને સાહેદોની પણ તમામ વિગત ભરાવી પડશે. સાત વર્ષથી વધુ સજાની જોગવાઈવાળા ગુનાઓમાં એફએસએલને સ્થળ પર ફરજિયાત બોલાવવાની જોગવાઇ છે. ત્યારે એફએસએલ દ્વારા સ્થળ તપાસ દરમિયાન જે પણ પુરાવા એકત્રિત કરવામાં આવશે તેની પણ વિડિયોગ્રાફી કરવી ફરજિયાત કરવામાં આવી છે.

**રોયલ ફાયનાન્શિયલ, મની સોલ્યુશન અને ક્વિક લોન સર્વિસના સંચાલકો ઓફિસ બંધ કરી ફરાર**

# રિંગ રોડની એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગમાં લોનની દુકાન ખોલી 41 લોકો સાથે 66 લાખની ઠગાઈ

**સંચાલક** સહિત 7 ચીટર પર્સનલ લોન, હોમ લોન કે વિવિધ પ્રોડક્ટ્સ પર લોન અપાવતા

**રાજીવ** ચૌબે અને સરફરાઝ નામના સૂત્રધારો એવો ઢોંગ કરતાં કે જાણે તેઓ લોન અપાવ લોકોની સેવા કરે છે

**પોલીસે** 7 સામે ગુનો નોંધી ત્રણને દબોચી લીધા

સુરતઃ ઉધના દરવાજા ખાતેની ઍમ્પાયર સ્ટેટ બિલ્ડિંગમાં રોયલ ફાયનાન્સીયલ સર્વિસ, મની સોલ્યુસન તથા ક્વિક લોન સર્વિસના સંચાલક દ્વારા 41 જેટલા જરૂરિયાતમંદ લોકોને કન્ઝ્યુમર લોન અપાવવાના બહાને તેમના નામે રૂપિયા 66 લાખની લોન લઈ ઓફિસને તાળા મારી રફુચક્કર થઈ જતા લોકો દોડતા થયા હતા. ઠગ ટોળકી 41 લોકોને નવડાવી ફરારા થઈ જતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી ઠગ ટોળકીનાં 3 સાગરીતને પકડી પાડ્યા છે.ડિંડોલી રામીપાર્ક પાસે રોયલ સ્ટાર ટાઉનશીપમાં રહેતા 40 વર્ષીય દીલીપ કૃષ્ણરાવ ધાર્મિક, કતારગામ નંદુદોશીની વાડી પાસેની બિલ્ડિંગમાં હીરા પોલિશનું મજુરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ઓગસ્ટ મહિનામાં તેને ક્વિક લોન સર્વિસ નામનું પેમ્પલેટ મળ્યું હતું, જેમાં ઓલ ટાઈપ ઓફ લોન સર્વિસ લખેલું હતું. જેથી દિલીપભાઈએ તેના દીકરાની ખેંચની બિમારીની સારવાર માટે જરૂરીયાત હોવાથી પેમ્પલેટમાં લખેલા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી હોમ લોન ચાલે છે, જેને ટોપ અપ કરવાની છે, એવી વાત કરી હતી.

ત્યારબાદ લોન માટે જરૂરી મકાનના દસ્તાવેજ સહિતના ડોક્યુમેન્ટ આપ્યા હતા. થોડા દિવસ પછી કોઈ ફોન નહીં આવતા દીલીપભાઈ સામેથી તેમની દિલ્હીગેટ મેઘાણી ટાવર ખાતેની ક્વિક લોન સર્વિસ ઍજન્સીના કર્તાહતા રાજીવ ચૌબે અને સરફરાજને મળ્યા હતા. આ બંને જણાંએ પોતે રોયલ ફાયનાન્સીય સર્વિસર્સીસ, મની સોલ્યુશન અને ક્વિક લોન સર્વિસના નામથી લોન ઍજન્ટ તરીકે ઘણાં સમયથી જરૂરીયાતમંદ લોકોને લોન કરાવી તેમની તકલીફ દૂર કરે છે એવી ખાતરી આપી હતી.

દીલીપે તેમની વાતોમાં આવી પહેલા કન્ઝયુમર લોન માટે ડોક્યુમેન્ટ લીધા બાદ તેના માણસ સાથે યોગીચોક ખાતે ફોન બુક નામની મોબાઈલની દુકાને જઈ ડોક્યુમેન્ટ આપી લોનની પ્રોસેસ શરુ કરી ત્રણ લોન પાસ કરાવી હતી. જો કે આરોપીઓએ દીલીપભાઈ અને તેમની પત્નીની જાણ બહાર બારોબાર જુદી જુદી બેન્ક, ફાયનાન્સ ઓનલાઈન ઍપ મારફતે પર્સનલ તથા કન્ઝયુમર લોન 10 લાખની કરાવી, લોનના હપ્તા પોતે ભરપાઈ કરશે એવી વાત કરી હતી.

જો કે તેમાંથી 2.01 લાખ ભર્યા બાદ બાકીના રૂ.7.98 લાખની લોન ભરપાઈ કરી ન હતી. મંજૂર કરાવેલ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ મોબાઈલ કે એસી સહિતની વસ્તુઓ ફોનબુક નામની દુકાનથી પરત લઈ અપાવી ન હતી. દીલીપભાઈએ તપાસ કરતા તેમના ઉપરાંત અન્ય 40 જેટલા લોકો સાથે પણ 58.06 લાખ લોનના નામે ઠગાઈ કરી છે. રાજીવ ચૌબે ઍન્ડ ટોળકીએ 41 જેટલા લોકોના નામે કુલ રૂ.66.05 લાખની લોન લઈ છેતરપિંડી કર્યા બાદ ઉધના દરવાજા પાસે ઍમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની ઓફિસ અને મોબાઈલ બંધ કરી ભાગી ગયા હતા.

આ મામલે ભોગ બનનાર તમામ લોકોએ સલાબતપુરા પોલીસનું શરણું લીધું હતું. પોલીસે આ મામલે દિલીપ ધાર્મિકની ફરિયાદ લઈ 7 ઠગબાજ વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. પોલીસે સંતોષસીંગ બાચસ્પતિ સીંગ (રહે.,કોસાડ આવાસ અમરોલી,મૂળ રહે., ઉત્તરપ્રદેશ), ગોપાલ મીઠાઈલાલ ગુપ્તા (ઉ. વ.૩૭.,રહે., કોસાડ આવાસ અમરોલી.,મુળ રહે., ઉતરપ્રદેશ) અને ફોન બુક નામની દુકાનનાં માલિક અજય ગુણવંત ભાઈ વાગડીયા (ઉ.વ 25.,રહે., અભય નગર સોસાયટી, એલ. એચ રોડ, વરાછા., મુળ રહે.,અમરેલી) ને પકડી પાડી તેમની ધરપકડ કરી હતી. પોલીસે પકડાયેલા આરોપીની વધુ પૂછપરછ કરી અન્ય આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરી છે.

### રાજીવ ચૌબે વિરુદ્ધ વડોદરા, ભરૂચ, વાપી સહિતના શહેરોમાં છેતરપિંડીના ગુના નોંધાયા છે

પકડાયેલો આરોપી રાજીવ સમગ્ર કાંડમાં મુખ્ય સૂત્રધાર છે. રાજીવ વિરૂદ્ધ વડોદરાના ગોત્રી અને જે.પી રોડ પોલીસ સ્ટેશન, ભરૂચના એ ડિવિઝન પોલીસ સ્ટેશન, વાપી જીઆઇડીસી પોલીસ સ્ટેશનમમાં ગુનાઓ નોંધાઇ ચૂક્યા છે. રાજીવ વર્ષ 2023 તથા 2024માં ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લા તથા શહેરોમાં અલગ અલગ નામથી લોન એજન્સી ખોલી હતી. જે લોન એજન્સીમાં આરતી અંગેના લોનની જરૂરિયાત અનુભવતા લોકોને લોભામણી લાલચ આપી તેઓના નામે મોબાઇલ ટીવી તથા એસી જેવી પ્રોડક્ટ્સની કન્ઝ્યુમર લોન તેમજ પર્સનલ લોન કરાવી આપતા હતો. જે લોનના હપ્તાની રકમ પોતે ભરશે તેવી લાલચ આપી લાખોની લોન લઈ પોતાની ઓફિસ બંધ કરી ભાગી છૂટતો હતો.

### પોલીસે આ 7 વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધ્યો

» રાજીવે વિરેન્દ્ર ચૌબે( રહે.,સાતમો માળ એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ,ઉધના દરવાજા)
» રાજુ આહીર ઉર્ફે મામા( રહે.,સીટી સેન્ટર, સાવલીયા સર્કલ,યોગીચોક)
» અજય વાગડીયા( ફોન બુક નામની દુકાન માલિક.રહે., સીટી સેન્ટર,સાવલીયા સર્કલ,યોગી ચોક),
» સરફરાજ» મોનિકા» સંતોષસીંગ બાચસ્પતિ સીંગ
» ગોપાલ ગુપ્તા (જે તમામ રહે., સાતમો માળ, એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ,ઉધના દરવાજા)

# દિયરે ભાભી પાસે બીભત્સ માંગ કરી ને પતિએ ઘરમાંથી કાઢી મૂકી

**પ્રેમ**લગ્નના માત્ર ૨૫ દિવસમાં જ પરિણીતા પોલીસના દ્વારે

**અમદાવાદ** એરપોર્ટ પર નોકરી કરતી યુવતીએ પતિ સહિત પાંચ સામે છેડતી, એટ્રોસિટીનો ગુનો નોંધાવ્યો

સુરતઃ અમદાવાદ એરપોર્ટ પર નોકરી કરતી યુવતીને તેના સહકર્મચારી યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા બાદ બંને સુરત સાથે રહેવા આવી ગયા હતા. આ દરમિયાન પરિવારમાં ઝઘડા થતા હતા અને દિયરે ભાભી પાસે બીભસ્ત માંગણી કરી હતી. જેથી તેણીએ પતિને હકીકત જણાવતા પતિએ પણ ભાઈનો સાથ આપી લગ્નના ૨૫ દિવસમાં જ પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાંથી કાઢી મૂકી હતી.

અમદાવાદ એરપોર્ટ પર નોકરી કરતી યુવતીને તેની સાથે કામ કરતાં યુવક સાથે પ્રેમ થતા ૨૫ દિવસ પહેલાં જ બંનેએ લગ્ન કર્યા હતા. યુવતી તેના પતિ સાથે રહેવા માટે સુરત આવી ગઈ હતી. જોકે યુવતી અને તેના પતિ વચ્ચે તથા પરિવારના સભ્યો વચ્ચે ઝઘડાઓ ચાલુ થયા હતા. જેથી આખરે યુવકે તેની પત્નીને ઘરમાંથી કાઢી મૂકી હતી. પતિએ ઘરમાંથી કાઢી મૂકતા પરિણીતા કતારગામ પોલીસના શરણે ગઈ હતી. જ્યાં તેણે પતિ તથા દિયર સહિત તમામ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેના પતિ તથા તેની નણંદ તથા સાસુ ભેગા મળીને નાની નાની વાતમાં ઝઘડો કરી મારમારી જાતિ વિષયક શબ્દો બોલી અપમાનિત કરતા હતા. એટલું જ નહીં પરંતુ ગત તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ બપોરના અરસામાં તેના દિયરે તેની રૂમમાં આવી શારીરિક છેડતી કરી બીભત્સ માંગણી કરી હતી. જેથી પરિણીતાએ તેના પતિને હકીકત જણાવતા પતિએ પણ તેનો સાથ આપવાને બદલે તેના ભાઈનો સાથ આપી પરીણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેને પત્ની તરીકે સ્વીકારવાની ના પાડી દઈ ઘરમાંથી કાઢી મૂકી હતી. બનાવને પગલે કતારગામ પોલીસે પતિ સાગરભાઈ રવિભાઈ બરડે,પ્રેમ રવિભાઈ બરડે, કિરણબેન રવિભાઈ બરડે, માધવીબેન રવિભાઈ બરડે તથા ભરતભાઈ રીક્ષાવાળા સહિત પાંચ વ્યક્તિ સામે એટ્રોસિટી અને છેડતીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# આજે સુરતના 10 હજાર વિદ્યાર્થી માટે મહત્ત્વની પ્રખરતા શોધ પરીક્ષા

**વિદ્યાર્થીઓ** માટે રોકડ ઈનામ અને તક, સુરતનાં ૧૩ સેન્ટર પર પરીક્ષા

સુરતઃ ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ ગણાતી પ્રખરતા શોધ કસોટી ૩૦ જાન્યુઆરીએ રાજ્યભરમાં યોજાઇ રહી છે. સુરત શહેરમાંથી ૨૮૫ શાળાના ૧૦,૭૨૩ વિદ્યાર્થીઓ આ કસોટી આપશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાતી આ પરીક્ષા વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવા અને તેમની બુદ્ધિમતા અને વિચારશીલતાને પરખવા માટે મહત્ત્વપૂર્ણ ગણી શકાય. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે જણાવ્યા મુજબ પરીક્ષાના કુલ ૨૦૦ ગુણના બે પ્રશ્નપત્ર હશે, જેમાં પર્સેન્ટાઇલ મુજબ ટોચના ૧૦૦૦ વિદ્યાર્થીને બોર્ડ તરફથી રોકડ ઈનામ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓમાં પ્રેરણા પૂરી પાડશે. સુરતનાં ૧૩ અલગ-અલગ સેન્ટરો પર વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે, જેમાં પ્રશ્નપત્ર ૧ માટે ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન, જ્યારે પ્રશ્નપત્ર ૨ માટે ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતા વિષયોનો સમાવેશ થશે. બંને પેપર માટે ૧૨૦ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો છે. આ પરીક્ષા માત્ર એક સ્પર્ધા નહીં, પણ વિદ્યાર્થીઓની વિચારશક્તિ, ગણતરી અને વિશ્વને જુદી રીતે જોવાની ક્ષમતાને ખીલવવાનો એક પ્રયાસ છે. પરિણામ જેવું પણ આવે, આ કસોટી વિદ્યાર્થીઓને અગાઉની તુલનામાં વધુ શીખવાની અને આગળ વધવાની તક આપી રહી છે.


**પંજાબ નૈશનલ બૈંક punjab national bank** ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૭૩૮૭૦ ૮૭૨૦૦ email : cs8323@pnb.co.in

**ઈ-હરાજી તા.૧૫.૦૨.૨૦૨૫ । નિરીક્ષણ તા.૦૭.૦૨.૨૦૨૫ (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) ઈએમડી ની રકમ ઈ-હરાજી ના સમય સુધી જમા કરી શકાશે.**

**સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ-હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૧૫.૦૨.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી જરૂર જણાય તો ૧૦ મિનીટના વધારા સાથે** પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદાર(રો), જામીનદાર(રો)ના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

| નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/જામીનદારનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત: ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતના ગીરવેદારો) | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ / ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂ.લાખમાં) | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત / Property ID : |
|---|---|---|---|---|---|
| ૧. | પીએનબી : ઉધના રોડ (૪૫૩૫૦૦) મેસર્સ એટ્રી ફેશન દુકાન નં. ૨૧૨, કોહીનુર ટેક્ષ્ટાઈલ હાઉસ, સલાબતપુરા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨. શ્રી અશોકકુમાર રંકા (માલિક) ૮૦૧, કંચનજંઘા એપાર્ટમેન્ટ, વિદ્યાભારતી સ્કુલ નજીક, ભટાર, સુરત-૩૯૫૦૦૭. શ્રીમતી મીના અશોક રંકા (જામીનદાર) ૮૦૧, કંચનજંઘા એપાર્ટમેન્ટ, વિદ્યાભારતી સ્કુલ નજીક, ભટાર, સુરત-૩૯૫૦૦૭. | તમામ હકક અને હિત ધરાવતી મિલકત કે જે કોહીનુર ટેક્ષ્ટાઈલ હાઉસ નું બીજા માળનું યુનિટ/ઘર/દુકાન નં-૨૧૨ માપ બિલ્ટઅપ એરીયા ૮૨.૬૯ ચો.મી અને કારપેટ એરિયા ૬૮.૯૧ ચો.મીટર બીલ્ડીંગની જમીનના વણવહેંચાયેલ હિસ્સા અને તેના પર થયેલ તમામ જોડાણો સહીત નું બાંધકામ સીટી સર્વે નોંધ નં. ૨૧૫૮/એ, ૨૧૫૮/એ/૨/એ, ૨૮૮૫/સી/૧/૭/એ/૮, ૨૮૮૫/સી/૧/૭/બી, ૨૮૮૫/સી/૧/૭/સી, ૨૮૮૫/સી/૧/૭/ડી/૧, ૨૮૮૫/સી/૧/૭/ડી/૨, ૨૧૫૮/એ/૧/ડી જે વોર્ડનં ૩ પીપરડી શેરી, સલાબતપુરા વિસ્તારમાં, સુરત શહેર, તાલુકા સુરત સીટી, જી. સુરત ખાતે શ્રીમતી મીના અશોક રંકા નાં માલીકી ની છે. | અ)૧૩.૦૩.૨૦૨૪ બ) રૂ.૧,૦૫,૮૧,૩૯૨.૯૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૧.૧૨.૨૦૨૪ ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૯૦.૦૦ બ) રૂ.૯.૦૦ ક) રૂ.૦.૫૦ | PUNB 4535ATTIRE |
| ૨. | પીએનબી : એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ (૧૧૦૬૧૦) શ્રી પ્રદ્યુમણ વાડીઆ (દેવાદાર) અને શ્રીમતી પ્રતિભા પ્રદ્યુમણ વાડીઆ (સહદેવાદાર) દુકાન નં. ૧૧૩, પુનમ માર્કેટ રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨. દુકાન નં. ૧૧૧, પુનમ માર્કેટ રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨. જે-૫૦૯, જેજે માર્કેટ રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨. ૨૧ પ્રજીત રો હાઉસ, સોમનાથ મંદિર નજીક, ઉમરા, સુરત- ૩૯૫૦૦૭ | તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી મિલકત પુનમ માર્કેટ ના ૧લા માળનું યુનીટ નં.૧૧૧, જેનું માપ ૧૧.૫૯ ચો.મી. બિલ્ટઅપ એરીયા જેની જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બાંધકામ સીટી સર્વે નોંધ નં.૨૨૪૫-એ-૧-૭-એ-૩, વાળી વૉર્ડ નં.૪, તાલુકા સુરત સીટી, જીલ્લો સુરત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે પ્રદ્યુમન હરિશ્ચંદ્ર વાડીઆની માલિકીની છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : જાહેર રોડ, પશ્ચિમ તરફ : જાહેર રોડ, ઉત્તર તરફ : સર્વે નં.૨૨૪૫-બી,દક્ષિણ તરફ : જાહેર રોડ આવેલ છે. તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી મિલકત પુનમ માર્કેટ ના ૧લા માળનું યુનીટ નં.૧૧૩, જેનું માપ ૧૫.૦૨૪ ચો.વાર એટલે કે જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બાંધકામ સીટી સર્વે નોંધ નં.૨૨૪૫-એ-૧-૭-એ-૩, વાળી વૉર્ડ નં.૪, તાલુકા સુરત સીટી, જીલ્લો સુરત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જે પ્રદ્યુમન હરિશચંદ્ર વાડીઆની માલિકીની છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : જાહેર રોડ, પશ્ચિમ તરફ : જાહેર રોડ, ઉત્તર તરફ : સર્વે નં.૨૨૪૫-બી, દક્ષિણ તરફ : જાહેર રોડ આવેલ છે. | અ) ૨૨.૦૭.૨૦૨૪ બ) રૂ.૩૬,૫૧,૫૦૦.૬૬ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૭.૦૧.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂ.૧૭.૧૯ બ) રૂ.૧.૭૨ ક) રૂ.૦.૧૦ / અ) રૂ.૩૮.૦૦ બ) રૂ.૩.૮૦ ક) રૂ.૦.૨૦ | PUNB1106 PRA111 / PUNB1106 PRA113 |

**ઈ-હરાજી વેચાણના નિયમો અને શરતો :** સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨માં આપેલ શરતો-નિયમો અનુસાર તથા નીચે આપેલ શરતો મુજબ વેચાણ થશે. (૧) મિલકતનું વેચાણ 'જ્યાં છે ત્યાં અને જેમ છે તેમ'ના અને 'જે કાંઈ ત્યાં છે તે' ના ધોરણે થશે. (૨) સુરક્ષિત મિલકતની અહીં દર્શાવેલ વિગતો અધિકૃત અધિકારીને ઉત્તમ જાણકારી મુજબ છે. પણ અધિકૃત અધિકારી કોઈ ભુલ-મીસસ્ટેટમેન્ટ અથવા રહી જવા અંગેની ઘોષણામાં જવાબદાર રહેશે નહી. (૩) વેચાણ ઈ-હરાજીના પ્લેટફોર્મ દ્વારા http://baanknet.com ઉપર **તારીખ ૧૫.૦૨.૨૦૨૫ સવારે ૧૧ થી સાંજે ૪ કલાકે કરવામાં આવશે.** (૪) વેચાણ અંગેની વધુ વિગતો અને નિયમો માટે મહેરબાની કરી , https://baanknet.com અને www.pnbindia.in ઉપર જુઓ.

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**

**(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)**

તા.૩૦.૦૧.૨૦૨૫ । સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર



**પંજાબ નૈશનલ બૈંક punjab national bank**

સર્કલ સસ્ત્ર સેન્ટર : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ email: cs8323@pnb.co.in Ph - 0261 - 2454543

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ બાબરીયા (દેવાદાર)** અને **શ્રીમતી રંજનબેન કિશોરભાઈ બાબરીયા (સહ દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વર્ગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ બાબરીયા (દેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સ્વપ્ન વિલા નો બંગ્લો નં. ૧૪૧, માપ ૮૦.૨૨ ચો.મીટર, બાંધકામ માપ ૧૩૪.૫૭ ચો.મીટર, સી.ઓ.પી. અને રોડ ના વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૫૫.૫૯ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૩૫૬ અને ૩૫૭, બ્લોક નં. ૩૪૩ (મંજુર થયેલ ૭/૧૨: બ્લોક નં. ૩૪૩/૩૪૧) ગામ : કામરેજ, તાઃ કામરેજ, જી. સુરત. | ૦૭.૦૧.૨૦૨૫ | ૩૦.૧૨.૨૦૨૪ | રૂ. ૩૨,૬૪,૭૮૧.૨૮ + ૨૪,૯૪૦.૦૦ + ૬૩૭.૫૯ = રૂ. ૩૨,૯૦,૩૫૮.૮૭ |
| ૨ | શ્રીમતી રંજનબેન કિશોરભાઈ બાબરીયા (સહ દેવાદાર) | | | | |

ઉપરોક્ત દેવાદાર(રો) ( જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૨૮.૦૧.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક



**પંજાબ નૈશનલ બૈંક punjab national bank**

સર્કલ સસ્ત્ર સેન્ટર : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ email: cs8323@pnb.co.in PN- 0261- 2454543

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **મેસર્સ લક્ષ્મી ફેશન (માલિક શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ બાબરીયા )**કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વર્ગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો અને જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, મુળ + વ્યાજ + ચાર્જીસ ) |
|---|---|---|---|---|---|
| ૧ | મેસર્સ લક્ષ્મી ફેશન (માલિક શ્રી કિશોરભાઈ ગોરધનભાઈ બાબરીયા | કાચો માલ નો સ્ટોક, સ્ટોક ઈન પ્રોસેસ, તૈયાર માલ, સ્ટોર્સ, સ્પેર્સ અને આવકનું હાઈપોથીકેશન થયેલ છે. | ૦૭.૦૧.૨૦૨૫ | ૩૦.૧૨.૨૦૨૪ | ૧૦,૦૦,૩૦૪.૪૩ + ૯,૩૫૦.૦૦ + ૫,૨૧૭.૯૬ = રૂ. ૧૦,૧૪,૮૭૨.૩૯ |

ઉપરોક્ત દેવાદાર(રો) ( જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૨૮.૦૧.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક